જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૪/૨/૨૦૧૪ મંગળવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૩૬૩/૧૪**

**સરદારનગર પો.સ્ટે**

તા.૩/૨/૨૦૧૪ નારોજ કોમ્બીંગ નાઇટ રાઉન્ડમાં પો.સ.ઇ.ઝેડ.એમ.સિન્ધી નાઓ સ્ટાફના માણાસો સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન કલાક ૦૦/૩૦ વાગે વાલ્મીકી આવાસ આગળ આવતાં એ.એસ.આઇ.અરવિન્દસિંહ શંકરસિંહ નાઓએ બાતમી હકીકત આપેલ કે **એક ઇસમ નામે ગોપાલ ઉર્ફે નાનીયો અગાઉ સરદારનગર પો.સ્ટે.ચોરીના (ધરફોડ) ગુન્હામાં પકડાયેલ છે** તે અત્રેથી પસાર થવાનો છે જે હકીકત આધારે બે પંચોના માણસો સાથે રાખી સદરી વર્ણનવાળો ઇસમ આવતા તેને રોકી નામઠામ પુછતા પોતે પોતાનુ નામ ગોપાલ ઉર્ફે નાનુભાઇ સોહનસિંગ બ્રહ્મભટ્ટ ઉ.વ.૨૨ રહે,સુભાષનગર તીવારી સ્કુલની ગલીમાં નોબલનગર સરદારનગર અમદાવાદ શહેરનાનો હોવાનુ જણાવતા તેની પાસે હાથમાં પ્લાસ્ટીકની થેલીમાં કાળા કલરનુ સેમસંગ કંપનીનુ એલ.સી.ડી. ટી.વી. કિ.રૂ.૨૦,૦૦૦/- તથા એક લેપટોપ જેની કિ.રૂ.૧૫૦૦૦/- ગણાય જેનુ લખાણ કે બીલ નહી હોવાનુ જણાવી ગલ્લા તલ્લા કરતો હોય જે બાબતે વિસ્તારમાં પુછતા તેણે આજથી ચાર પાંચ દિવસ પહેલા નરોડા ખારી કેનાલ સામે આવેલ અમરનાથ એસ્ટેટના એક કારખાનામાંથી ચોરી કરેલ હોવાનુ જણાવતા ઉપરોકત વસ્તુ સી.આર.પી.સી. કલમ ૧૦૨ મુજબ તપાસ અર્થે કબજે લઇ ઉપરોકત આરોપીને સી.આર.પી.સી.કલમ ૪૧(૧)ડી મુજબ તા.૩/૨/૨૦૧૪ ના કલાક ૨/૦૦ વાગે અટક કરેલ છે. નરોડા પો.સ્ટે. વર્ધી લખાવી કાગળો તથા આરોપી સોપવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.